શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ

## સર્વ શિક્ષા અભિયાન

સેકટર નં. ૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭, ગુજરાત રાજય
ફોન નં. :૦૭૯–૪૩૧૩૩
ફેકસ :– ૦૭૯–૨૩૨૩૨૪૩૬
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦–૨૩૩–૭૯૬૫

---

ક્રમાંક : SSA/MIS/૨૦૧૮/ ૨૪૯૩૩ - ૯૬૯ તા. ૨૫/૭/૨૦૧૮

પ્રતિ

(૧) જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન કચેરી
જિલ્લાઃ તમામ

(૨) શાસનાધિકારીશ્રી
નગર પ્રાથિમક શિક્ષણ સમિતિ
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ કોર્પોરેશન

**વિષયઃ મિશન વિદ્યા અંતર્ગત કંટ્રોલ રૂમ બાબત**

સંદર્ભઃ (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૧૮/સિં.ફા.-૩૧/ન તા. ૧૯/૭/૨૦૧૮
(૨) પ્રાશિનિ/ચ-૧/મી.વિ. કંટ્રોલરૂમ/૨૦૧૮-૧૯/૭૩૯૧-૯૭ તા. ૨૩/૭/૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુણોત્સવ-૮ના પરિણામ પરથી જે બાળકોનું પરિણામ વાંચન, લેખન અને ગણનમાં નબળું જાણવા મળેલ છે, તે તમામ બાળકો માટે "મિશન વિદ્યા" નામે ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમનું કરવાનું નિર્ધારીત કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમનો સમયગાળો ૨૬ જુલાઈ ૨૦૧૮ થી ૩૧ ઓગષ્ટ ૨૦૧૮ દરમ્યાન રહેશે.

સંદર્ભ-૧ અન્વયે આ સમયગાળા દરમ્યાન "મિશન વિદ્યા" કાર્યક્રમના મોનીટરીંગ માટે મોબાઈલ/વેબબેઝ પોર્ટલને લગતી ટેકનીકલ મુશ્કેલીઓના નિવારણ માટે રાજય કક્ષાએ સર્વ શિક્ષા અભિયાન, એમ.આઈ.એસ. શાખામાં કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવેલ છે. **આ કંટ્રોલરૂમનો નંબર – ૦૭૯-૨૩૨૩૫૦૬૩ તથા ટોલ ફ્રી નંબર – ૧૮૦૦-૨૩૩-૭૯૬૫ છે. જેના પર કચેરી સમય સવારે ૧૦.૩૦ થી ૬.૦૦ સુધી સંપર્ક કરી શકાશે.**

આ કાર્યક્રમ અંતર્ગત મોબાઈલ/વેબબેઝ પોર્ટલ સિવાયની અન્ય બાબતો માટે સંદર્ભ(૨)ના પત્ર અનુસાર પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી ખાતે કાર્યરત કંટ્રોલરૂમના સંપર્ક નંબર – ૯૨૨૮૪૭૦૫૯૭ તથા ૯૯૭૮૯૦૮૦૯૦ પર કચેરી સમય સવારે ૧૦.૩૦ થી ૬.૦૦ સુધી સંપર્ક કરી શકાશે.

સચિવ
સર્વ શિક્ષા અભિયાન
ગાંધીનગર